॥ सा विद्या या विमुक्तये ॥

# શારદ

વર્ષ ૧૦ | સપ્ટેમ્બર–ઑકટોબર ૧૯૯૯ | અંક ૨

## વાલીઓને,

### બાલમંદિર પ્રવેશ સંબંધી થોડા વિચારો....

વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જાય તેના મુકાબલે શાળાની સંખ્યા વધતી ન જાય તો પ્રવેશનાં પ્રશ્નો ઉભા થતા જાય તે સ્વભાવિક છે. આ એક સામાજિક સમસ્યા છે, જેનો સમાજે ગંભીરતાથી વિચાર કરવો ઘટે.

આ સંસ્થામાં અમે પ્રવેશ અંગે જે નીતિ અપનાવી છે તેની થોડી રૂપરેખા આપવાનો પ્રયત્ન કરૂં છું. આ શાળામાં જે વિદ્યાર્થીઓએ લાંબા ગાળા સુધી અભ્યાસ કર્યો હોય તેમનાં બાળકોને અમે સમાવવા પ્રયત્ન કરીએ છીએ, આ ઉપરાંત જેમનાં ભાઇબહેનો આ શાળામાં અભ્યાસ કરતાં હોય તેવા બાળકોને પણ સમાવવાનો અમારો પ્રયત્ન હોય છે. અમારા પ્રવેશનાં પરિપત્રોમાં આ અંગે અમે વાલીઓનું ધ્યાન દોરીએ છીએ.

શાળામાં અપાતાં પ્રવેશમાં મોટા ભાગે ઉપર જણાવેલ વિદ્યાર્થીઓને પ્રવેશ આપતાં જૂજ જગાઓ જ બાકી રહે છે. આ અંગેની જાણ અમે સ્પષ્ટ રીતે પ્રવેશ પત્રમાં જ એટલા માટે કરીએ છીએ કે જેથી અન્ય સ્થળે પ્રવેશ માટેના પ્રયત્નો એવા વાલી કરે, જેમને અગ્રતા મળે તેમ ન હોય, તેવા બાળકો માટેનાં ફોર્મ પણ જુદા ભરવાના હોય છે, જેથી વાલીને સભાનતા રહે.

આ તબકકે બે વસ્તુની સ્પષ્ટતા કરવી જરૂરી માનું છું. પ્રવેશ અને ડોનેશનને સાંકળવવાનું અમે યોગ્ય માનતા નથી એ ભારપૂર્વક જણાવવા માંગુ છું, આ સંદર્ભમાં જણાવું કે ડોનેશનથી પ્રવેશ મેળવવા ઇચ્છતી વ્યક્તિઓના પ્રવેશને અમે રદ કર્યા છે અને તેમનાં નામ બ્લેકલીસ્ટમાં મૂકયાં છે, વારંવાર આ અંગે અમે જાહેરમાં જણાવ્યું છે છતાં કેટલાક લોકો ડોનેશન દ્વારા પ્રવેશ લેવાનું આડકતરૂં સૂચન કરતાં હોય છે તે જોઇ દુઃખ થાય છે.

બીજું, બાળકનો અમે 'ઈન્ટરવ્યુ' નથી જ લેતા. અમે પ્રવેશની વિધિ કરીએ છીએ ત્યારે પ્રવેશ માટે આવતાં બાળકોમાં મોટામાં મોટું બાળક અઢી વર્ષનું અને નાનામાં નાનું બાળક દોઢ વર્ષનું હોય છે! આટલી ઉંમરના બાળકની સાથે ઈન્ટરવ્યુ તો શું પણ ટેસ્ટ કે એવી કોઈ પદ્ધતિ જોડવી એ એક મજાક છે એમ અમે માનીએ છીએ. બાળકને સાથે લાવવાની સૂચના પાછળ અમારો આશય શારીરિક રીતે નબળા બાળકનો પ્રવેશ તેના યોગ્ય સમયે મળી શકે તેવી ગોઠવણ કરવાનો છે. અમે આ ગાળા સિવાય પ્રવેશ નથી આપતાં પરંતુ આવા બાળકો માટે અપવાદરૂપ પ્રવેશ મુલતવી રાખી આગળ ઉપર તેમને પ્રવેશ આપી શકાય તે માટે છે, આમ છતાં બાળકનો 'ઇન્ટરવ્યુ,' 'ટેસ્ટ'–કસોટી લેવાશે જ તેવી પૂર્વધારણા સાથે ઘણા વાલીઓ આવતા હોય છે, તેવું જોવા મળ્યું છે. આટલા નાનાં બાળક ઉપર આવો સિતમ ના ગુજારાય એવી પ્રાર્થના જ કરવી રહી. આ પદ્ધતિઓ બાળકની સાચી ચકાસણી કરે છે કે કેમ તે તો શંકાસ્પદ છે જ પરંતુ ખરેખર સાચી ચકાસણી થતી હોય તો પણ ઓછા શક્તિશાળી બાળકોનાં પ્રવેશનું શું?

બધા જ સ્તરોએ પ્રવેશની સમસ્યાઓ છે જ તેવા ટાણે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના બાળકો તેમ જ જેમનાં ભાઇબહેનો ભણતાં હોય તેમને પ્રવેશની અગ્રતા આપીને બને તેટલા વસ્તુલક્ષી બનવાનો અમારો પ્રયત્ન, પ્રશ્નને હલ કરવામાં અમારા મૂલ્યનિષ્ઠ પ્રયત્નો છે, તે જણાવી વિરમું છું.

**દિનુભાઇના વંદન**

### પ્રાર્થના

અમૂલ્ય છે આ જીવન મારુ,
શાને એને નષ્ટ કરું,
સંસાર કેરા આ મહાસાગરે,
તરતી મારી જીવન નાવ,
તોફાન કદી જો ઉઠે તેમાં,
તારજો એને દિનાનાથ
સત્ય, અહિંસા પ્રેમમાર્ગથી,
ભજીએ પ્રભુનું નામ
નિશદિન પ્રભુનું સ્મરણ કરીને,
તરીએ ભવસાગર

અંકિતા ચોકસી (૮–અ)

# અ ધી રા ઈ

શાળા છૂટવાનો બેલ વાગ્યો ને સૌ છોકરાઓ ટપોટપ પોતાના દફતર તૈયાર કરી વર્ગમાંથી નીકળવા લાગ્યાં. સૌ જલદી ઘેર પહોંચવા અધીરા હતાં. દરેકને એમ થતું હતું, 'હું પહેલો નીકળું" અને એટલે ઠીકઠીક પ્રમાણમાં ધમાલ તો થતી જ હતી. વળી સવારના અગીયાર વાગ્યાથી આવેલ બાળક પૂરા છ કલાક નિશાળમાં રહે પછી ઘેર જવાતો અધીરૂં બને જ ને? એવામાં કુનાલનો ધક્કો કુંતલને વાગ્યો, નસીબ સારું કે દાદરનાં છેલ્લાં બે જ પગથિયાં બાકી હતાં એટલે ઝાઝું વાગ્યું નહી, પણ આ ભીડ વધુ વધી જવાનું બીજું પણ એક કારણ છે.

શાળા છૂટે ત્યારે ફક્ત બાળકો જ અધીરા બને છે તેવું નથી. વાલીઓ પણ અધીરા બને છે. સામાન્ય રીતે શાળાનો નિયમ એવો છે કે બાળકને લેવા આવતા વાલીએ વર્ગ સુધી જવું નહી. ચોગાનમાં જ તેમની રાહ જોવી પણ કેટલાંક વાલી તેમની આ અધીરાઈને રોકી શકતાં નથી ને ક્યાં તો શિક્ષકને મળવાનાં બહાને કે આપેલું લેસન જોવાના બહાને વર્ગ સુધી પહોંચી જાય છે.

એક તો બાળકો એકસામટાં છૂટે એટલે ગિરદી તો થાય જ, તેમાં વળી વચ્ચે વાલીઓનો ધસારો, વળી બાળક તેના વાલીને જુએ એટલે જલદી તેની પાસે જવા અધીરું બની જાય ને પરિણામે ઘણી બધી અવ્યવસ્થા સર્જાઈ જાય છે. પ્રશ્ન ફક્ત પાંચ સાત મિનિટ વહેલા કે મોડાનો જ હોય છે પણ ધીરજ કોને છે? બાળક તો જાણે નાનું છે, નાદાન છે એટલે એ તો ઘરે જવા અધીરું બને જ. વાલીને જુએ એટલે એ અધીરાઈ પણ વધે જ. પણ વાલી....તેમની આ અધીરાઇ શું યોગ્ય છે ખરી? જો શાળાના આખાય સમય દરમ્યાન બાળકથી વિખૂટા પડયાં છો તો પાંચ સાત મિનિટ માટે આ અધીરાઈ શાને માટે?

એ અધીરાઈમાંથી ઊભી થતી અવ્યવસ્થામાંથી ક્યારેક કોઈક પડી જાય છે, કોઈકને ધક્કો વાગે છે તો કોઈકને ઈજા થાય છે. આપણા બાળક માટે થઈને પણ આપણે એ ધીરજ ન કેળવી શકીએ?

ઊર્મિલા શાહ

# व र्षा रा नी

रुमझुम करती आई वर्षारानी ।
देख उसे मैं हो गई दिवानी ।
टहुक-टहुक बोला मन-मोरा ।
ता-थै ता-थै मैं लगी नाचने ।

# दुःखी की आंख से

पवन की लहर की तरह,
बहता हैं मेरा जीवन।

न कोई मुझे देखता हैं,
प्यारभरी दृष्टि से।
न कोई मुझे देता हैं सुख।
पवन की लहर की तरह
बहता हैं मेरा जीवन ।

न कोई मुझे ले जाता हैं,
उस पार की दुनिया में ।
जहां नीखरता है खुशी का रंग।
पवन की लहर की तरह,
बहता है मेरा जीवन ।

मुझे भूलना है सर्व दुःखो को
और उनको न्योच्छावर करना है।
अपने विषभरे जीवन में से ।
पवन की लहर की तरह,
बहता है मेरा जीवन।

मुझे करना हैं पालन कर्तव्योंका ।
मेरे मात-पिता और देशकी
करनीं हैं सेवा सच्चे दिलसे ।
पयन की लहर की तरह,
बहता हैं मेरा जीवन ।

कोमल बोडीवाला ८-अ

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

તા. ૯-૮-૮૯ને બુધવારના રોજ બાલમંદિરમાં સ્થાપના દિનની ઉજવણી થઈ. બાળકોએ આસોપાલવનાં તોરણ, ફુગ્ગા, કાગળની રંગબેરંગી પટ્ટીઓ, તોરણો વિગેરેથી ઓરડાઓ શણગાર્યા. બાલરથ, ગરબો, કૂચ તથા રમતોના કાર્યક્રમની યોજના થઈ. અતિથિવિશેષ તરીકે શાળાના વાલી તથા ભૂતપૂર્વ વિદ્યાર્થી ડૉ. નિખીલેશભાઇ શાહ પધાર્યા, તેમણે બાલરથીઓને તિલક કરી તેમનું અભિવાદન કર્યું અને સૌ બાળકોને પ્રોત્સાહિત કર્યા. બાલમંદિરના બધાં જ બાળકોને સ્થાપનાદિન નિમિત્તે મગસ અને ચેવડાનો નાસ્તો આપવામાં આવ્યો અને ત્યારબાદ પ્રસાદ લઇને સૌ બાળકો ઘેર ગયાં.

તા. ૧૪-૮-૮૯ ને સોમવારે તાલીમ વર્ગના બાળકોએ રક્ષા બંધનનું પર્વ ઉજવ્યું.

તા. ૨૪-૮-૮૯ને ગુરુવારે જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી, જેમાં કૃષ્ણજીવનનાં વિવિધ પ્રસંગો રાસ, ગરબા વિગેરેનો સુંદર કાર્યક્રમ બાળકોએ રજૂ કર્યો અને પ્રસાદ લઇને વિખરાયાં.

## શિશુમંદિર

**ઉત્સવો :-** તા. ૯-૮-૮૯ના રોજ સંસ્થાના સ્થાપનાદિનની ઉજવણી કરવામાં આવી. જેમાં બાળકોએ પ્રાર્થના, બાલકૂચ, બાલરથ તથા ગરબાની રજૂઆત કરી. આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે શાળાનાં વાલી ડૉ. અજયભાઈ મુનશી પધાર્યા હતાં, તેમણે બાલરથીનું પૂજન કરી તેમનું અભિવાદન કર્યું.

આ પ્રસંગે શિશુમંદિરના વિદ્યાર્થીઓએ તૈયાર કરેલા કેટલાક અંકોનું પણ વિમોચન ડૉ. અજયભાઇના હસ્તે કરવામાં આવ્યું. જેમાં ગરબાનો સંગ્રહ 'શારદ ઝંકાર', હિંદી વાર્તાનો સંગ્રહ 'કથા સૌરભ', વિવિધ આકૃતિ અને રેખાંકનોનો સંગ્રહ 'સુકૃતિ' તથા સ્વ. ઝવેરચંદ મેઘાણીની જીવન ઝરમર અને કાવ્યોનો સંગ્રહ 'ઝવેરચંદ મેઘાણી ગીતમાલા'નો સમાવેશ થયો હતો. વિદ્યાર્થીઓએ તથા શિક્ષક ભાઈબહેનોએ આ અંકો તૈયાર કરવા પાછળ સારી જહેમત ઉઠાવી હતી.

આ સાથે આ પ્રસંગે વર્ષ દરમ્યાન યોજાયેલ વિવિધ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થી ભાઈબહેનોને પ્રમાણપત્રો ડૉ. અજયભાઈના હસ્તે આપવામાં આવ્યા. કાર્યક્રમને અંતે સૌ વિદ્યાર્થી ભાઈબહેનો પ્રસાદ લઇ વિખરાયા.

**મેઘાણી જયંતિ :-** તા. ૧૭-૮-૮૯ના રોજ મેઘાણી જયંતિ નિમિત્તે સ્વ. મેઘાણીના જીવનપ્રસંગોની માહિતી વિદ્યાર્થીઓએ રજૂ કરી. તે સાથે તે વિષે નાટક, શૌર્યગીતો વિ. ની પણ રજૂઆત કરી.

**જન્માષ્ટમી :-** તા. ૨૪-૮-૮૯નાં રોજ જન્માષ્ટમી નિમિત્તે કાર્યક્રમ યોજવામાં આવ્યો જેમાં વિદ્યાર્થીઓએ પ્રાર્થના રાસ, ગરબા, આરતી, ધૂન, અને કૃષ્ણ જીવનનાં પ્રસંગો નાટ્યાત્મક રીતે રજૂ કર્યા ને છેલ્લે મટકીફોડવાનો કાર્યક્રમ રજૂ થયો. કાર્યક્રમને અંતે સૌ વિદ્યાર્થીઓ પ્રસાદ લઈને વિખરાયા.

**પર્યુષણ પર્વ :-** તા. ૨૮-૮-૮૯ થી તા. ૩-૯-૮૯ સુધી શાળામાં પર્યુષણ પર્વની ઉજવણી થઇ. જેમાં વિદ્યાર્થીઓએ જૈન સ્તવનો, સ્તુતિ, શ્લોકો વિ. રજૂ કર્યા. તા. ૧-૯-૮૯ના રોજ મહાવીર જયંતિ નિમિત્તે ભગવાન મહાવીરનાં જીવન પ્રસંગોને આવરી લેતા નાટકો, જૈન સ્તવનો તથા નૃત્યની રજૂઆત કરવામાં આવી.

બધાજ ઉત્સવો વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહથી ઉજવ્યા.

**વક્તવ્ય :-** સંસ્થામાં નીચે પ્રમાણે વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું જેમાં વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો.

| | |
|---|---|
| ૨૮-૭-૮૯ | શ્રી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર |
| ૮-૮-૮૯ | સંત તુલસીદાસ |
| ૧૦-૮-૮૯ | શહીદ વીર કિનારીવાળા |
| ૧૧-૮-૮૯ | ખુદીરામ બોઝ |
| ૧૨-૮-૮૯ | વિક્રમ સારાભાઈ |
| ૧૭-૮-૮૯ | કવિશ્રી ઝવેરચંદ મેઘાણી |
| ૨૭-૮-૮૯ | મધર ટેરેસા |
| ૫-૯-૮૯ | સર્વપલ્લી રાધાકિષ્નન્ |

**આંતરગૃહ સ્પર્ધાઓ :-**

તા. ૧૪-૮-૮૯ના રોજ **રાખડી** બનાવવાની સ્પર્ધા યોજાઇ જેમાં નીચે પ્રમાણે ભાઇબહેનો વિજેતા નિવડયાં.

**પ્રથમ** –સજની શાહ [૭ક] ધવલગિરિ

**દ્વિતીય**–અર્ચિતા શાહ [૭ચ] રત્નદ્વીપ

**તૃતીય**–સુજલ મુનશી [૭અ] મેઘનાદ
મોના દેસાઈ [૭અ] ગંગોત્રી

સ્પર્ધાનાં નિર્ણાયક તરીકે સંસ્થાના વાલી શ્રી મોહિનાબહેન તથા શ્રી અંજલીબહેને સેવા આપી તે બદલ સંસ્થા આભારની લાગણી વ્યક્ત કરે છે.

તા. ૫-૯-૮૯નાં રોજ **નિબંધલેખન સ્પર્ધા** યોજવામાં આવી, જેમાં નીચે પ્રમાણે ભાઇબહેનો વિજેતા નિવડયાં છે.

**પ્રથમ** – ખ્યાતિ ચોકસી (૭अ) રત્નદીપ
**દ્વિતીય** – કૃતિ પટેલ (૭ब) મેઘનાદ
સલીલ શેઠ (૭क) રત્નદીપ
**તૃતીય** – અનુજા શ્રોફ (૭क) ધવલગિરિ
મોના દેસાઈ (अ) ગંગોત્રી

વિજેતા નીવડનાર સૌ વિદ્યાર્થી ભાઇબહેનોને અભિનંદન

**અભિનંદન :– ચિત્ર :** કુ.પ્રિયાંગી મુનશી 'શંકર્સ ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ કૉમ્પીટીશન' તરફથી યોજાતી ચિત્રસ્પર્ધામાં સતત બીજા વર્ષે પણ 'રૌપ્યચંદ્રક' મેળવે છે તે માટે તેમને અભિનંદન.

**તરણકળા :–** ચિ. અંકુર રાજુભાઇ શાહ તા. ૨૯, ૩૦ જુલાઈ ૧૯૮૯નાં રોજ યોજાયેલ અમદાવાદ ડિસ્ટ્રીકટ ઓપન સ્વીમીંગ હરીફાઇમાં ૪૦૦ મીટર મીડલ રીલેમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી સર્ટીફીકેટ મેળવે છે. તથા બધી જ કલબો વચ્ચે યોજાયેલ તરણસ્પર્ધામાં બટર ફ્લાય તથા ફ્રીસ્ટાઇલમાં તૃતીય આવી બે ચંદ્રકો મેળવે છે તે માટે અભિનંદન.

ચિ. દિપાલી શાહ [૩अ]ને ગુજરાત સ્પોર્ટ્સ કલબ ખાતે યોજાયેલ તરણ સ્પર્ધામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરવા બદલ અભિનંદન.

ચિ. મૌલિશ્રી દોશીને એલીસબ્રીજ જીમખાના તરફથી યોજાયેલ તરણ સ્પર્ધામાં રીલેમાં દ્વિતીય તથા બેસ્ટ સ્ટ્રોક, બેક સ્ટ્રોક, બટર ફ્લાય તથા ફ્રી સ્ટાઈલમાં તૃતીય સ્થાન મેળવવા બદલ અભિનંદન. ચિ. મૌલિશ્રીને ઈન્ટરકલબ ટુર્નામેન્ટસમાં પણ બેસ્ટ સ્ટ્રોક, બેક સ્ટ્રોક અને ફ્રીસ્ટાઇલમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરવા બદલ અભિનંદન

## વિનયમંદિર

તા. ૨૦-૭-૮૯નાં રોજ ગૌરીવ્રત નિમિતે ધો. ૮ તથા ૯ની વિદ્યાર્થિનીઓએ ગરબા તથા સમૂહગીતો રજૂ કર્યા

તા. ૨૫-૭-૮૯ના રોજ બેંક ઓફ ઇન્ડીયાના ઉપક્રમે નિબંધ સ્પર્ધા યોજવામાં આવી જેમાં

**પ્રથમ** :– ખુશ્બુ શાહ [૮क]
**દ્વિતીય :–** ભાવિક વ્યાસ [૮ क]
**તૃતીય :–** નિશિથ ચૂડાસમા [૯ अ]
પૂજા પોથીવાલા [૯ ब] વિજેતા

નીવડયા તે માટે તેમને અભિનંદન.

તા. ૩૧-૭-૮૯નાં રોજ એસ. એસ. સી. પરીક્ષાનાં અંધ વિદ્યાર્થીઓનાં writer તરીકે સેવા આપનાર વિદ્યાર્થી ભાઈબહેનોએ અંધશાળાની મુલાકાત લીધી. પ્રિન્સીપાલશ્રી કવિએ સૌનું ભાવભીનું સ્વાગત કરી અંધજન મંડળ તરફથી ચાલતી બધીજ પ્રવૃત્તિઓનું નિદર્શન કરાવ્યું.

તા. ૨-૮-૮૯નાં રોજ પ્રો. મહેશભાઈ ઠાકરે ધો. ૧૧ અને ૧૨નાં વિદ્યાર્થીઓ સમક્ષ 'જીવન વિકાસ માટે જરૂરી બાબતો' ઉપર માર્ગદર્શક પ્રવચન આપ્યું.

તા. ૯-૮-૮૯નાં રોજ સંસ્થાના સ્થાપનાદિનની ઉજવણી કરવામાં આવી. જેમાં ધો. ૮-૯નાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે વેશભૂષા સ્પર્ધા યોજવામાં આવી. આ સ્પર્ધામાં નીચે પ્રમાણે વિદ્યાર્થી ભાઈબહેનો વિજેતા નીવડયા છે તે માટે તેમને અભિનંદન.

**પ્રથમ** :– ભાવિક વ્યાસ [૮ क] મેઘદૂત
**દ્વિતીય** :– માનસી ત્રિવેદી [૮ क] ગીતગોવિંદ
**તૃતીય** :– રૂચિર દવે [૮ अ] ગીતગોવિંદ
જાનકી ત્રિવેદી [૮ क] મેઘદૂત

તા. ૧૬-૮-૮૯ના રોજ હાસ્યલેખક શ્રી અશોકભાઈ દવેએ વિદ્યાર્થીઓ સમક્ષ હળવી શૈલીમાં પ્રવચન કર્યું.

તા. ૨૩-૮-૮૯નાં રોજ હંગર પ્રોજેકટના કન્વીનર શ્રી નેહા શાહે તેમની સંસ્થાનો પરિચય આપી તે અંગેની ફીલ્મ બતાવી. આ ક્ષેત્રમાં વિદ્યાર્થીઓ પણ શું પ્રદાન કરી શકે તેમ છે તે વિષે સમજ આપતુ વક્તવ્ય રજૂ કર્યું.

તા. ૩૧-૮-૮૯નાં રોજ સંસ્થામાં ચાલતી ઈન્ટરેકટ કલબની 'પદગ્રહણ વિધિ' નિમિતે કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં અતિથિવિશેષ તરીકે રોટરી કલબ ઓફ અમદાવાદ સાઉથના પ્રમુખ શ્રી અનીલભાઈ દલાલ પધાર્યા. પદગ્રહણ વિધિ ભૂતપૂર્વ પ્રમુખશ્રી ચંદ્રકાંતભાઇ શાહે કરાવી અને આ પ્રસંગે ભૂતપૂર્વ પ્રમુખ શ્રી કમલભાઈ, ઈન્ટરેકટ એકટીવિટીઝનાં ચેરમેન શ્રી નિશિથભાઈ નવાબ યુથ એકટીવીટીઝનાં ચેરમેન શ્રી અભયભાઇ અને સેક્રેટરી શ્રી ડિરેનભાઈ પણ હાજર રહ્યા અને પ્રાસંગિક પ્રવચનો કર્યા.

**તા. ૧૬-૧૦-૧૯૮૯ થી ૧૪-૧૧-૮૯ સુધી દિવાળી વેકેશન રહેશે.**

તંત્રી, મુદ્રક, પ્રકાશક : હિનુભાઇ દ. દવે આચાર્ય અને નિયામક, શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
મુદ્રક સ્થળ : વિકાસ મુદ્રણાલય, વિકાસગૃહ, અમદાવાદ-૩૮૦૦૦૭.